# એશિયન ગેમ્સના ખેલાડીઓના રહેવાની વ્યવસ્થા અપૂરતી હોવાની બૂમ

**રૂમ ફાળવણીના** ધાંધિયાથી કોસ્ટા સિરેના'માં બે લોકોના રૂમમાં ત્રણ ખેલાડીઓને રહેવાની ફરજ પડી

**એશિયાડના** ઉદ્દઘાટનના બે દિવસ પહેલા ખેલાડીઓને રહેવાની વ્યવસ્થા ઊભી કરવામાં યજમાનોને સમસ્યા

નાગોયા, 17 સપ્ટેમ્બર (પીટીઆઇ) એશિયન ગેમ્સ માટે અહીં બહુચર્ચિત કોસ્ટા સેરેના ક્રુઝ શિપ પર રોકાયેલા કેટલાક ભારતીય ખેલાડીઓને બે લોકો માટે બનાવેલા રૂમમાં ત્રણ ખેલાડીએ રહેવાની ફરજ પડી રહી છે. ઉદ્દઘાટન સમારોહના માત્ર બે દિવસ પહેલા, યજમાન જાપાનના ખેલાડીઓને રહેવાની વ્યવસ્થામાં આવી જ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. સ્થાનિક મીડિયા અહેવાલો સૂચવે છે કે કેટલાક જાપાની ખેલાડીઓ વૈકલ્પિક રહેઠાણ શોધી રહ્યા છે. એવા પણ કિસ્સાઓ બન્યા છે જ્યાં પુરુષ અને સ્ત્રી ખેલાડીઓને ફળવાયેલા રૂમ શેર કરવાનો વારો આવ્યો છે.




જાપાનના ડેપ્યુટી મિશન ચીફ હિસાશી મિઝુટોરીએ અહીં મીડિયાને જણાવ્યું કે એવા કિસ્સાઓ બન્યા છે કે જ્યાં કોચ, ટીમ અધિકારીઓ અને ખેલાડીઓને એક જ રૂમમાં રખાયા છે. કેટલાક કિસ્સાઓમાં, ફક્ત સંખ્યાના આધારે રૂમ ફાળવવામાં આવ્યા હતા, જેમ કે પાંચ પુરુષો અને પાંચ મહિલાઓના જૂથને બે લોકોના પાંચ રૂમ આપવા. જાપાન ટાઈમ્સના અહેવાલ મુજબ, તેમણે કહ્યું કે કાગળ પર આંકડા અર્થપૂર્ણ છે, પરંતુ વ્યવહારમાં, તે પુરુષો અને સ્ત્રીઓને એકસાથે મૂકવા, ખેલાડીઓ સાથે કોચ મૂકવા અથવા મોટી માત્રામાં તબીબી સાધનો સાથે ટ્રેનર્સ મૂકવા જેવી મુશ્કેલ પરિસ્થિતિઓનું નિર્માણ કરે છે. ભારતીય ટીમના એક સભ્યના જણાવ્યા મુજબ, બે ખેલાડીઓ માટે બનાવાયેલા કેટલાક રૂમમાં ત્રણ ખેલાડીઓ રહે છે. રૂમના નાના કદને કારણે વધારાના ખેલાડીઓ અસુવિધા પેદા કરી રહ્યા છે, પરંતુ તેઓ ઔપચારિક રીતે ફરિયાદ કરી રહ્યા નથી. ભારતની રોઈંગ, વુશુ અને ટેબલ ટેનિસ ટીમો ઇટાલિયન ક્રુઝ શિપ પર પહેલેથી જ આવી ચૂકી છે, જે હાલમાં તેની રહેવાની વ્યવસ્થા માટે સમાચારમાં છે. લગભગ 300 મીટર લાંબા આ જહાજમાં 1,500 કેબિન છે.

## એશિયાડ મહિલા ક્રિકેટ : ભારત આજે જાપાન સામે ફેવરિટ તરીકે મેદાને ઉતરશે

નાગોયા, તા. તા. 17 (પીટીઆઈ) : એશિયા કપની રેકોર્ડબ્રેક જીત બાદ, ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત શુક્રવારે અહીં મહિલા ક્વાર્ટર ફાઇનલમાં યજમાન જાપાન સામે ભારે દાવેદાર તરીકે પોતાના એશિયન ગેમ્સના ટાઇટલ બચાવવાના અભિયાનની શરૂઆત કરશે. ગયા અઠવાડિયે દુબઈમાં આઠમો ટી-20 એશિયા કપ જીત્યા બાદ ભારત આ ખંડિય સ્પર્ધામાં પૂર્ણ આત્મવિશ્વાસ સાથે પ્રવેશ કરી રહ્યું છે, પરંતુ નોક-આઉટ ફોર્મેટને કારણે ભૂલ માટે બહુ ઓછી જગ્યા છે. મહિલા સ્પર્ધામાં આઠ ટીમો ભાગ લઈ રહી છે અને સ્પર્ધા સીધી ક્વાર્ટર ફાઇનલથી શરૂ થઈ રહી છે. તેનો અર્થ એ છે કે ટીમોને ટૂર્નામેન્ટમાં સેટલ થવા માટે કોઈ ગ્રુપ સ્ટેજ મેચ મળશે નહીં. એક હાર પણ આ અભિયાનનો અંત લાવવા માટે પૂરતી છે. શાનદાર એશિયા કપ પછી શેફાલી વર્મા ભારતનું મુખ્ય શસ્ત્ર રહેશે. જોકે, સ્મૃતિ મંધાના માટે આ સીઝન ઉતાર-ચઢાવવાળી રહી હતી અને ભારત વધુ એક ટાઇટલ મેળવવાની રેસમાં છે ત્યારે તે પોતાના જૂના ફોર્મમાં પાછા ફરવા આતુર હશે. ભારતની બોલિંગનો ઘણો આધાર અનુભવી ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા અને ડાબોડી સ્પિનર શ્રી ચારણી પર રહેશે.

# ભારતે ત્રીજી ટી-20 127 રને જીતી અફઘાનિસ્તાનને ક્લિનસ્વીપ કર્યું

**અભિષેક** શર્માની વિક્રમી તોફાની સદી અને સેસમન સાથેની ભાગીદારીથી ભારતે સાત વિકેટે 221 રન બનાવ્યા

**નીતિશ** રેડ્ડી અને રવિ બિશ્નોઇની આગેવાનીમાં બોલરોની ઉમદા બોલિંગથી અફઘાનિસ્તાનનો 94 રનમાં વિંટો વળ્યો



નવી દિલ્હી, તા. 17 : અફઘાનિસ્તાન સામેની ટી-20 સીરિઝની આજે ગુરુવારે અહીં રમાયેલી ત્રીજી અને અંતિમ ટી-20 ઈન્ટરનેશનલમાં ઓપનર અભિષેક શર્માની તોફાની સદી અને સંજૂ સેમસન સાથેની તેની તોફાની ભાગીદારીની મદદથી ભારતે સાત વિકેટે 221 રનનો વિશાળ સ્કોર બનાવીને મૂકેલા 222 રનના લક્ષ્યાંક સામે નીતિશ રેડ્ડીની આગેવાનીમાં ભારતીય બોલરોની ઉમદા બોલિંગને કારણે અફઘાનિસ્તાન માત્ર 94 રનમાં ઓલઆઉટ થતાં ભારતે 127 રને જીત મેળવીને ત્રણ ટી-20ની સીરિઝમાં અફઘાનિસ્તાનને 3-0થી ક્લિનસ્વીપ કર્યું હતું.

અફઘાનિસ્તાને ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લેતા પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમને અભિષેક શર્મા અને સંજુ સેમસને જોરદાર શૂઆત આપી હતી. પ્રથમ ઓવરમાં ફક્ત પાંચ જ રન બન્યા પછી અભિષેક આક્રમક બન્યો હતો અને તેની તોફાની બેટિંગને પ્રતાપે ભારતે પ્રથમ છ ઓવરમાં એક પણ વિકેટ ગુમાવ્યા વિના 100 રન બનાવ્યા હતા જે ભારતના ટી-20I ઈતિહાસમાં સૌથી વધુ પાવરપ્લે સ્કોર બન્યો હતો. સીરિઝમાં 2-0ની અજેય સરસાઇ ધરાવતા ભારત વતી અભિષેકે 34 બોલમાં 11 છગ્ગા અને નવ ચોગ્ગાની મદદથી 108 રન બનાવ્યા હતા અને તેણે સેમસન સાથે 59 બોલમાં બોલમાં પહેલી વિકેટ માટે 142 રનની ભાગીદારી કરી હતી. સેમસને 35 બોલની પોતાની ઈનિંગમાં બે ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે 50 રન કર્યા હતા જ્યારે કેપ્ટન શ્રેયસ ઐયરે 29 રનનું યોગદાન આપ્યું હતું. ભારત તરફથી ત્રણ ખેલાડી રનઆઉટ થયા હતા. અફઘાનિસ્તાન તરફથી અઝમતુલ્લાહ ઓમરઝઈએ બે જ્યારે રાશિદ ખાન અને અબ્દુલ્લા અહમદઝઈએ એક-એક વિ કે ટ લીધી હતી.

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સેમસન કો.રાશિદ બો.ઓમરઝઇ | 50 | 35 | 2 | 4 |
| અભિષેક કો.ગુરબાઝ બો.રાશિદ | 108 | 34 | 9 | 11 |
| તિલક રનઆઉટ | 2 | 5 | 0 | 0 |
| શ્રેયસ રનઆઉટ | 29 | 20 | 0 | 2 |
| દુબે કો.રાશિદ બો.ઓમરઝઇ | 14 | 10 | 1 | 1 |
| ઇશાન રનઆઉટ | 10 | 8 | 1 | 0 |
| નીતિશ કો.મુજીબ બો.અહેમદઝઇ | 1 | 4 | 0 | 0 |
| અક્ષર નોટઆઉટ | 5 | 4 | 0 | 0 |
| બિશ્નોઇ નોટઆઉટ | 0 | 0 | 0 | 0 |
| વધારાના | 2 | | | |
| કુલ (20 ઓવરમાં સાત વિકેટે) | 221 | | | |

**વિકેટપતન :** 1-142, 2-152, 3-164, 4-186, 5-205, 6-206, 7-218

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ફઝલહક ફારુકી | 4 | 0 | 39 | 0 |
| અઝમતુલ્લા ઓમરઝઇ | 3 | 0 | 27 | 2 |
| મુજીબ ઉર રહેમાન | 4 | 0 | 45 | 0 |
| મહંમદ નબી | 1 | 0 | 29 | 0 |
| રાશિદ ખાન | 4 | 0 | 43 | 1 |
| અબ્દોલ્લા અહેમદઝઇ | 4 | 0 | 38 | 1 |

| અફઘાનિસ્તાન | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ગુરબાઝ બો.અક્ષર | 15 | 11 | 3 | 0 |
| ઇબ્રાહિમ કો.ઇશાન બો.યશ | 25 | 16 | 4 | 1 |
| અટલ કો.અભિષેક બો.અક્ષર | 1 | 3 | 0 | 0 |
| રસૂલી બો.બુમરાહ | 0 | 1 | 0 | 0 |
| ઓમરઝઇ કો.બિશ્નોઇ બો.નીતિશ | 17 | 13 | 1 | 1 |
| નૂર કો.નીતિશ બો.બિશ્નોઇ | 11 | 15 | 2 | 0 |
| નબી બો.નીતિશ | 8 | 9 | 1 | 0 |
| રાશિદ બો.બિશ્નોઇ | 6 | 5 | 1 | 0 |
| મુજીબ બો.નીતિશ | 0 | 2 | 0 | 0 |
| અહમદઝઇ કો.અક્ષર બો.બિશ્નોઇ | 6 | 8 | 1 | 0 |
| ફારુકી નોટઆઉટ | 0 | 2 | 0 | 0 |
| વધારાના | 5 | | | |
| કુલ (14.1 ઓવરમાં ઓલઆઉટ) | 94 | | | |

**વિકેટપતન :** 1-31, 2-33, 3-39, 4-47, 5-70, 6-81, 7-82, 8-82, 9-89, 10-94

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| નીતિશ કુમાર રેડ્ડી | 4 | 0 | 25 | 3 |
| જસપ્રીત બુમરાહ | 2 | 0 | 16 | 1 |
| યશ ઠાકુર | 2 | 0 | 17 | 1 |
| અક્ષર પટેલ | 3 | 0 | 9 | 2 |
| રવિ બિશ્નોઇ | 3.1 | 0 | 26 | 3 |

# 30 બોલમાં સદી સાથે અભિષેકે સૌથી ઝડપી ટી-20 સદીનો રોહિત શર્માનો ભારતીય રેકોર્ડ તોડયો

**ટેસ્ટ** રમતા દેશો સામે ફટકારાયેલી આ સૌથી ઝડપી સદી, ટી-20માં ઓવરઓલ ત્રીજી સોથી ઝડપી સદી

નવી દિલ્હી, તા. 17 : અફઘાનિસ્તાન સામેની ત્રીજી અને અંતિમ ટી-20 ઈન્ટરનેશનલ મેચમાં અભિષેક શર્માએ ગુરુવારે માત્ર 30 બોલમાં સદી ફટકારીને માજી કેપ્ટન રોહિત શર્માનો 2017માં શ્રીલંકા સામે ભારતીય બેટ્સમેન તરીકે 35 બોલમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ તોડ્યો છે. અભિષેકે પોતાની 34 બોલમાં 108 રનની તોફાની ઈનિંગ્સમાં 10 છગ્ગા અને નવ ચોગ્ગા ફટકાર્યા હતા. અભિષેકની આ સદી ટેસ્ટ રમનારા દેશ સામે કોઈપણ બેટ્સમેન દ્વારા ફટકારાયેલી સૌથી ઝડપી સદી હતી. તેણે ભારતીય ઈનિંગ્સની નવમી ઓવરમાં એક રન લઈને પોતાની સદી પૂરી કરી હતી. 30 બોલમાં સદી સાથે, અભિષેકની આ ઈનિંગ્સ હવે સમગ્ર ટી-20Iમાં સૌથી ઝડપી સદીઓની યાદીમાં ત્રીજા સ્થાને આવી ગઈ છે. સાહિલ ચૌહાણે 2024માં સાયપ્રસ સામે માત્ર 27 બોલમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ બનાવ્યો હતો, જ્યારે તુર્કીના મોહમ્મદ ફહાદે 2025માં બલ્ગેરિયા સામે માત્ર 29 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી.



## અભિષેક શર્માએ સદી પૂર્ણ કર્યા પછી કરેલી શાંત ઉજવણી વાયરલ બની

30મા બોલ પર સિંગલ લઈને સદી પૂર્ણ કર્યા પછી, અભિષેકે પોતાના ગ્લોવ્સ, હેલ્મેટ અને બેટ જમીન પર મૂક્યા અને પીચ પર જ પદ્માસન મુદ્રામાં બેસીને શાંત અને ધ્યાનપૂર્વક ઉજવણી કરી. તેમનો અનોખો ઉજવણી સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

## ટી-20Iમાં બોલની દૃષ્ટિએ સૌથી ઝડપી સદીના રેકોર્ડ

| ખેલાડી | દેશ | હરીફ | સ્થળ | બોલ | વર્ષ |
|---|---|---|---|---|---|
| સાહિલ ચૌહાણ | એસ્ટોનિયા | સાયપ્રસ | એપીસ્કોપી | 27 | 2024 |
| મુહમ્મદ ફહાદ | તુર્કીયે | અફઘાનિસ્તાન | સોફિયા | 29 | 2025 |
| અભિષેક શર્મા | ભારત | અફઘાનિસ્તાન | દિલ્હી | 30 | 2026 |
| લોફ્ટી-ઇટન | નામિબિયા | નેપાળ | કિર્તીપુર | 33 | 2024 |
| સિકંદર રઝા | ઝિમ્બાબ્વે | ગામ્બિયા | નૈરોબી | 33 | 2024 |
| ફિન એલન | ન્યૂઝીલેન્ડ | દક્ષિણ આફ્રિકા | કોલકાતા | 33 | 2026 |




